# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01/04/2026** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સરહદી વિસ્તાર વાવ-થરાદ ખાતેથી 19 હજાર 800 કરોડના વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમરેલી જિલ્લામાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્તના કરશે**
3. **નવો આવકવેરા કાયદો 2025 આજથી અમલી બનશે - મુખ્ય નાણાકીય નિયમોમાં ફેરફાર સહિત અનેક સુધારાઓ અમલમાં આવશે.**
4. **પાટણની વિશ્વવિરાસત રાણીની વાવ ખાતે 18 કરોડના ખર્ચે તૈયાર કરાયેલ 3D લેઝર શો પ્રોજેક્ટનો શુભારંભ**
5. **હવામાન વિભાગે આગામી બે થી ત્રણ દિવસ રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરી**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# PM MODI VAV THARAD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સરહદી વિસ્તાર વાવ-થરાદ ખાતેથી 19 હજાર 800 કરોડના વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.

શ્રી મોદીએ ગઈકાલે યોજાયેલા એક કાર્યક્રમમાં જનમેદનીને સંબોધતાં જણાવ્યું હતું કે દાયકાઓની આ વિસ્તારની ઉપેક્ષા અને મુશ્કેલીઓનો હવે અંત આવ્યો છે. તેમણે ઊર્જા, રોડ-રસ્તા, રેલવે અને હાઉસિંગ સેક્ટર સાથે જોડાયેલ આ વિકાસ પ્રકલ્પોથી આખા વિસ્તારની કાયાપલટ થશે અને સ્થાનિકોના જીવનધોરણમાં સુધારો આવશે તેમ જણાવ્યું હતું.

(બાઇટ – પીએમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર)

પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયામાં સર્જાયેલી પરિસ્થિતિનો પ્રભાવ સમગ્ર વિશ્વ પર પડ્યો છે. ઊર્જાની જરૂરિયાતો જેમ કે ડીઝલ, પેટ્રોલ અને ગેસની અછત સમગ્ર દુનિયામાં વધી ગઈ છે. આવા સંકટમાં પણ ભારતે પરિસ્થિતિને નિયંત્રણમાં રાખી છે. જેના માટે દેશની સફળ વિદેશ નીતિ અને દેશવાસીઓની એકતાનો મોટો ફાળો છે.

(BYTE– પીએમ પેટ્રોલ)

પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વૈશ્વિક કટોકટીમાં  વૈશ્વિક અસ્થિરતા વચ્ચે પણ ભારતે સફળ વિદેશ નીતિને કારણે ઇંધણના ભાવો અને મોંઘવારીને નિયંત્રણમાં રાખી છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સરહદી અને છેવાડાના ગામોને 'છેલ્લા નહીં પણ પહેલા ગામ' ગણીને વિકાસની મુખ્યધારામાં લાવવાની નેમ પૂરી કરી છે. અગાઉના સમયમાં ઉત્તર ગુજરાતમાં પાણી, વીજળી અને શિક્ષણ જેવી પાયાની સુવિધાઓનો અભાવ હતો, પરંતુ જ્યોતિગ્રામ, સુજલામ સુફલામ અને વોટર ગ્રીડ જેવી યોજનાઓથી આજે લોકોનું 'ઈઝ ઓફ લિવિંગ' વધ્યું છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હંમેશા વિકાસની સાથે વિરાસતને જાળવવાનું કામ કર્યું છે.

## CHIEF MINISTER – AMRELI INAUGURATION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે અમરેલી જિલ્લામાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્તના કરવામાં આવશે. જે અંતર્ગત જિલ્લાના દેવકા, સણોસરા અને મતીરાળા ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

અમરેલી જિલ્લાના અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે મુખ્યમંત્રી દેવકા ખાતે દેવકા વિદ્યાપીઠ ખાતે અગિયાર સો પથારીની સુવિધાવાળી નવી ગર્લ્સ હોસ્ટેલ તથા 580 વિદ્યાર્થિનીઓની ક્ષમતા ધરાવતા આધુનિક ભોજનાલયનું લોકાર્પણ કરશે ત્યારબાદ મુખ્યમંત્રી સણોસરા ખાતે આયોજિત કાર્યક્રમમાં અમરેલી તાલુકાના એકસાથે 71 ગામમાં તળાવ ઊંડા કરવાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહી જળસિંચનના સંકલ્પનું ખાતમુહૂર્ત કરશે.

મુખ્યમંત્રી અમરેલી શહેરના જેસિંગપરા વિસ્તારમાં શિવાજી ચોક ખાતે શિવાજીની પંચધાતુની પ્રતિમાનું લોકાર્પણ કરશે અને શ્રી સરદાર પટેલની પ્રતિમાને ફૂલહાર કરી લોકઅભિવાદન ઝીલશે.

લાઠી તાલુકાના મતીરાળા ખાતે મુખ્યમંત્રીના હસ્તે પીપરિયા નદી ડીપનિંગ પ્રોજેક્ટ હેઠળ મતીરાળા થી કૃષ્ણગઢ સુધી 7 હજાર 740 મીટર અને કેરાળા થી કૃષ્ણગઢ સુધી 1 હજાર 860 મીટર એમ કુલ 9.6 કિલોમીટર નદી વિસ્તારને ઊંડી અને પહોળી કરવાના કાર્યક્રમનો શુભારંભ કરાવશે.

## NEW FINANCIAL AMENDMENTS

નવા નાણાકીય વર્ષની શરૂઆત સાથે, આજથી મુખ્ય નાણાકીય નિયમોમાં ફેરફાર સહિત અનેક સુધારાઓ અમલમાં આવશે.

છ દાયકાથી વધુ જૂના કાયદાના સ્થાને નવો આવકવેરા કાયદો, 2025 આજથી અમલી બનશે. જે જટિલ નિયમોને સુવ્યવસ્થિત કરી કરદાતાઓ માટે કાયદાના અનુપાલનને વધુ સરળ બનાવવાની સાથે કર પ્રણાલીને પણ સરળ બનાવશે.

ભારતીય રિઝર્વ બેંકના નિર્દેશ મુજબ, દેશમાં તમામ ડિજિટલ ચુકવણી વ્યવહારો માટે આજથી બે-પરિબળ પ્રમાણીકરણના ધોરણોને પૂર્ણ કરવાની જરૂર પડશે. નાણાકીય વર્ષ 2026-27 માટે સુધારેલી FASTag વાર્ષિક પાસ ફી પણ આજથી અમલમાં આવશે. કાયમી ખાતા નંબર PAN કાર્ડ માટે અરજી કરવા અથવા અપડેટ કરવા માટેના સુધારેલા નિયમો પણ અમલી બનશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

ગોન્ગ મ્યુઝિક

..................................

## PATAN - RANI NI VAV

વિશ્વવિરાસત પાટણની રાણીની વાવ ખાતેના અત્યાધુનિક 3D પ્રોજેક્શન મેપિંગ શો અને લાઈટ એન્ડ સાઉન્ડ શોનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે વાવ-થરાદ ખાતેથી ઇ-લોકાર્પણ કરવામાં આવ્યું. પ્રવાસન વિભાગ દ્વારા 18 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ આ 3D લેઝર શો દ્વારા રાણકીવાવના વિવિધ ઐતિહાસિક પ્રતિમાઓની માહિતી સાથે ઇતિહાસને લગતી ડોક્યુમેન્ટરી પણ વોઇસ ઓવર સાથે દર્શાવવામાં આવી છે. અને રાણીની વાવના ઇતિહાસમાંથી તૈયાર કરાયેલી સ્ક્રીપ્ટ પર આધારિત આશરે 25 મિનિટની શોર્ટ ફિલ્મ પણ તૈયાર કરાઈ છે.

ભારત સરકારના પુરાતત્વ વિભાગ અને રાજ્યના પ્રવાસન વિભાગના સંકલનથી તૈયાર થયેલો આ શો ઐતિહાસિક વારસાને જીવંત રાખવાની દિશામાં મહત્વનું પગલું છે.

અમદાવાદની ઓરા બ્રાઇટ લાઈટ એજન્સી દ્વારા કરાયેલ થ્રીડી પ્રોજેક્શન, મેપિંગ શો અને હેરિટેજ લાઇટિંગના કામ અંગે સંસ્થાના શૈલેષ પટેલે આ મુજબ જણાવ્યું.

(BYTE- શૈલેષ પટેલ)

# Weather – Rain Forecast

હવામાન વિભાગે આગામી બે થી ત્રણ દિવસ રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા અનુસાર હાલમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પાકિસ્તાન અને તેની આસપાસના વિસ્તારોમાં સક્રિય છે. દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાનમાં 1.5 કિલોમીટરની ઊંચાઈ પર એક સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે. આવતીકાલે એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાની શક્યતા છે.

શ્રી શર્માએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાત રીજનના વિવિધ ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવા સાથે વીજળી અને ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે.

(BYTE – પ્રદીપ શર્મા)

છેલ્લા 24 કલાકમાં અમરેલીમાં સૌથી વધુ 38.5 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. લઘુત્તમ તાપમાન નલિયામાં સૌથી ઓછું 19 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું છે.  આજે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અમરેલી, ભાવનગર અને કચ્છમાં છુટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

## BAHUCHARAJI MELO

મહેસાણા જિલ્લાના બહુચરાજી ખાતે ત્રિ દિવસીય ચૈત્રી પૂનમના મેળાનો આરંભ થયો છે જિલ્લા કલેકટર એસ કે પ્રજાપતિએ આસ્થા, ભક્તિ અને સેવાના ત્રિવેણી સંગમ બહુચરાજીના મેળામાં નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે તંત્ર દ્વારા સુચારૂ આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવી વધુમાં ઉમેર્યું આ વખતે આ ચૈત્રી પૂનમના મેળા દરમિયાન ગરમીનું પ્રમાણ વધુ હોવાથી વહીવટી તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. મંદિર પરિસરની આજુબાજુ છાયડાની સાથે સાથે જમીન ઉપર કારપેટ પણ પાથરવામાં આવી છે. આ ઉપરાંત યાત્રાળુઓને ઠંડક મળી રહે તે માટે મંદિર પરિસરમાં કુલર સાથે ઠંડા પાણીના ફુવારા (સ્પ્રિંકલ)ની વ્યવસ્થાઓ પણ ગોઠવવામાં આવી છે.

આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે પૂનમના દિવસે દર્શનાર્થીઓ માટે ટ્રસ્ટ દ્વારા સવાર, સાંજ બે સમયે વિનામૂલ્યે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ આજે રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી પ્રજાપતિએ કહ્યું કે, યાત્રાળુઓને કોઈ અગવડતા ન પડે તે માટે એસ ટી વિભાગ દ્વારા વિશેષ ટ્રીપોની વ્યવસ્થા, ટ્રાફિકની વ્યવસ્થા તથા પૂરતો પોલીસ

બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ ઉપરાંત આરોગ્ય વિભાગ દ્વારા જુદા જુદા મેડિકલ કેમ્પ તથા મોબાઈલ વાનોની વ્યવસ્થા કરવામાં આવી છે.

# PRAVESH PRAKRIYA

ટેકનિકલ શિક્ષણ કમિશનર કચેરી દ્વારા ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ બાદ ડિગ્રી એન્જિનિયરિંગ અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષ 2026- 27 માં પ્રથમ વર્ષ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ડિગ્રી એન્જિનિયરિંગ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ 1લી એપ્રિલથી 31 મે સુધી ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવી શકશે. અંદાજે 78 હજાર 600થી વધુ બેઠક પર પ્રક્રિયા શરૂ કરાઈ છે. જેમાં ગ્રાન્ટ ઈન એડ સંસ્થાની તમામ બેઠકો અને સ્વનિર્ભર સંસ્થાની માન્ય બેઠકોની 50 ટકા બેઠક અને મેનેજમેન્ટ બેઠકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઉમેદવારો HSC માર્કશીટ ની જગ્યાએ પરીક્ષા હોલ ટિકિટ અને ગુજકેટ અથવા JEE ની માર્કશીટની જગ્યાએ પ્રવેશ પરીક્ષાની હોલ ટિકિટ અપલોડ કરીને રજીસ્ટ્રેશન કરાવી શકશે. અને ગત વર્ષે જે ઉમેદવારોએ પૂરક પરીક્ષામાં HSC પરીક્ષા પાસ કરી છે તેવા ઉમેદવારોએ તમામ માર્કશીટ અપલોડ કરવી પડશે. જે ઉમેદવારોએ ગુજકેટ 2026 અથવા JEE 2026 અથવા બંને પરીક્ષામાં હાજર થયા હોય માત્ર તેવા જ ઉમેદવારો પ્રવેશ રાઉન્ડમાં રજીસ્ટ્રેશન કરાવી શકે છે. વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ ડોક્યુમેન્ટ અપલોડ કરી 350 રૂપિયા રજીસ્ટ્રેશન ફી ઓનલાઇન ભરવાની રહેશે.

------------------